પ્રસાર ભારતી

સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 25/11/2026 **Morning : 7.10 to 7.20**
Day : WEDNESDAY **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સંસ્કૃતિ ભુંડીયા** વાંચે છે.

---

1. **સમાજ સંગઠિત બને, શિક્ષિત બને અને સંસ્કારસભર બને તે સમયની જરૂરિયાત હોવાનું જણાવતા મુખ્યમંત્રી.**
2. **રાજ્યની સરહદી સુરક્ષાની સમીક્ષા માટે 10 સિનિયર IPS અધિકારીઓ કચ્છ, બનાસકાંઠા અને વાવથરાદ જિલ્લાના ગામોમાં બે દિવસ રાત્રિરોકાણ કરશે.**
3. **રાજકોટના 19 લાખ રૂપિયાના આંગડિયા લૂંટ કેસમાં ઉત્તર પ્રદેશના આગ્રામાંથી બે મુખ્ય આરોપીઓની ધરપકડ.**
4. **રાજ્યભરમાં દેવ દિવાળી અને ગુરૂનાનક જયંતીની ઉત્સાહપૂર્વક ઉજવણી.**
5. **ગોધરાની ગોવિંદ ગુરુ યુનિવર્સિટી ખાતે આજથી શરૂ થનારી પશ્ચિમ ઝોન આંતર યુનિવર્સિટી પુરુષ ટેબલ ટેનિસ સ્પર્ધામાં 112 યુનિવર્સિટીના 600 ખેલાડીઓ ભાગ લેશે.**

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો..

CM SABARKANTHA

સમાજ સંગઠિત બને, શિક્ષિત બને અને સંસ્કારસભર બને તે સમયની જરૂરિયાત હોવાનું મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યુ હતું. મુખ્યમંત્રીએ સાબરકાંઠાના કરણપુરા ખાતે અર્બુદા માતાના પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવની પૂર્ણાહુતિ પ્રસંગે 'આંજણા અસ્મિતા' સ્મૃતિ ગ્રંથનું વિમોચન પણ કર્યું હતું.

મુખ્યમંત્રીએ યુવાનોને વ્યસનથી દૂર રહી શિક્ષણ, કૌશલ્ય અને રચનાત્મક પ્રવૃત્તિઓ તરફ આગળ વધવા તેમજ નશામુક્ત ભારતના સંકલ્પમાં સહભાગી બનવા પણ આહ્વાન કર્યું હતું.

BYTE: CM BHUPENDRA PATEL

IPS BORDER

ગુજરાતની સરહદી સુરક્ષાની સમીક્ષા માટે 10 સિનિયર **IPS** અધિકારીઓ 20 સરહદી ગામોમાં બે દિવસ રાત્રિરોકાણ કરશે. કચ્છ, વાવ-થરાદ અને પાટણના 20 ગામોની મુલાકાત લઇને આ ઉચ્ચ અધિકારીઓ રાત્રી રોકાણ કરશે.

ભારત-પાકિસ્તાન સરહદના છેવાડાના ગામોમાં સુરક્ષા વ્યવસ્થાની સમીક્ષા કરવા આવતીકાલ અને 27 નવેમ્બરના રોજ **IPS** અધિકારીઓ સ્થાનિકોના ઘરે રાત્રિરોકાણ કરશે. કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહના 'ચતુષ્કોણીય સુરક્ષા ગ્રીડ'ના વિઝનને સાકાર કરવા ગુજરાત પોલીસે આ વિશેષ પહેલનો નિર્ણય કર્યો છે.

આ બે દિવસીય મુલાકાત દરમિયાન અધિકારીઓ સુરક્ષા માળખા, સુરક્ષા એજન્સીઓની સજ્જતા અને બોર્ડર પેટ્રોલિંગનું નિરીક્ષણ કરશે. આ ઉપરાંત દુર્ગમ વિસ્તારોમાં તૈનાત પોલીસ જવાનો અને ગ્રામજનો સાથે સંવાદ કરી રાત્રિ સમીક્ષા બેઠકો યોજશે, જેના તારણો આગામી સમયમાં સરહદી વિસ્તારના વિકાસ અને સુરક્ષા આયોજનમાં મહત્વપૂર્ણ સાબિત થશે.

CM – AHMEDABAD

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અમદાવાદના મેમનગરમાં જોગણી માતાના મંદિર ખાતે દેવદિવાળી નિમિત્તે આયોજિત ગરબા મહોત્સવમાં સહભાગી થયા હતા. શ્રી પટેલે માતાજીના મંદિરે આરતી અને પૂજન કરીને રાજ્યની સુખાકારી તથા જનકલ્યાણ માટે પ્રાર્થના કરી અને લોકોને દેવદિવાળીની શુભેચ્છાઓ પાઠવી.

PM - MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી 29 નવેમ્બરના રોજ આકાશવાણી પર મન કી બાત કાર્યક્રમમાં દેશ અને વિદેશના લોકો સાથે પોતાના વિચારો રજૂ કરશે. આ માસિક રેડિયો કાર્યક્રમનો 140મો એપિસોડ હશે.

નાગરિકો ટોલ-ફ્રી નંબર 1800-11-7800 દ્વારા કાર્યક્રમ માટે પોતાના વિચારો અને સૂચનો મોકલી શકે છે. તેઓ નરેન્દ્ર મોદી એપ અથવા MyGov ઓપન ફોરમ દ્વારા ઓનલાઈન પણ પોતાનો અભિપ્રાય શેર કરી શકે છે.

નાગરિકો 1922 પર મિસ્ડ કોલ પણ આપી શકે છે અને SMSમાં મળેલી લિંકને અનુસરીને સીધા પ્રધાનમંત્રીને પોતાના સૂચનો આપી શકે છે.

આગામી એપિસોડ માટેના વિચારો અને સૂચનો આ મહિનાની 27મી તારીખ સુધી સ્વીકારાશે.

RAJKOT ANGADIYA LOOT ACCUSED ARRESTED

રાજકોટમાં આંગડિયા પેઢીમાં 19 લાખ રૂપિયાની લૂંટના કેસમાં રાજકોટ ક્રાઈમ બ્રાન્ચે આગ્રાથી બે ફરાર આરોપીઓની ધરપકડ કરી છે.

ઉત્તર પ્રદેશના મથુરા જિલ્લાના રહેવાસી બંને આરોપીઓને ટેકનિકલ સર્વેલન્સ અને માનવ ગુપ્ત માહિતી દ્વારા શોધી કાઢવામાં આવ્યા હોવાનું રાજકોટ શહેરના એસીપી ભરત બસિયાએ જણાવ્યુ હતું.

BYTE: BHARAT BASIA, ACP RAJKOT

ARVALLI GANG ARRESTED

અરવલ્લી જિલ્લાના મોડાસામાં તૈયાર થઈ રહેલી નવનિર્મિત સિવિલ હોસ્પિટલમાંથી ચોરી કરનાર શખ્સોને મોડાસા ટાઉન પોલિસે ઝડપી પાડ્યા છે. થોડા દિવસ પહેલા, શામળાજી રોડ પર નવનિર્મિત સિવિલ હોસ્પિટલના ગોડાઉનમાંથી કોપર વાયર સહિત **8.45** લાખના મુદ્દામાલની ચોરી થઈ હતી.

સમગ્ર ઘટનાને લઈને મોડાસા ટાઉન પોલિસે તપાસ હાથ ધરીને કાલબેલિયા ગેંગના ત્રણ ઈસમોને ઝડપી પાડ્યા છે. ઝડપાયેલા તમામ આરોપીઓની સઘન પૂછપરછ કરવામાં આવી રહી હોવાનું અરવલ્લીના નાયબ પોલીસ અધિક્ષક જે .ડી. વાઘેલાએ જણાવ્યું હતું.

BYTE: J. D. VAGHELA, DYSP, ARAVALLI

MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

ગોન્ગ મ્યુઝિક

.....

NAVSARI LEOPARD ATTACK

નવસારીના વાંસદામાં દીપડાએ બાળકી પર હુમલો કર્યો હતો. હુમલામાં બાળકી ગંભીર રીતે ઘાયલ થતાં તેને હોસ્પિટલમાં ખસેડાઇ હતી. બાળકી સલામત હોવાનું વાંસદાના રેન્જ ફોરેસ્ટ ઓફિસર કે જે ચૌધરીએ જણાવ્યું હતું.

BYTE: K J CHAUDHARY RFO OF VANSDA

GURU NANAK JAYANTI - OVERALL

રાજ્યભરમાં દેવ દિવાળી અને ગુરૂનાનક જન્મજયંતીની ઉત્સાહપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. કાર્તિક પૂર્ણિમા નિમિત્તે સોમનાથ સહિતના યાત્રાધામોમાં ભક્તજનોની ભીડ જોવા મળી હતી, જ્યારે રાજ્યભરના ગુરૂદ્વારાઓમાં પણ ગુરૂનાનક જયંતીની શ્રધ્ધાપૂર્વકઉજવણી થઇ હતી.

ગુરુ નાનક દેવની 557મી જયંતી - ગુરુપુરબ નિમિત્તે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગર જિલ્લાના પોર ગામે આવેલા ગુરુદ્વારા ખાતે દર્શન અને પૂજન કરીને રાજ્યના નાગરિકોની સુખ-સમૃદ્ધિ, શાંતિ અને સર્વાંગી વિકાસ માટે પ્રાર્થના કરી. મુખ્યમંત્રીએ લંગરમાં પ્રસાદ વિતરણ કરી સેવા-ભક્તિનો લાભ લીધો.

ભાવનગરમાં ગુરુપુરબ નિમિત્તે પ્રભાત ફેરી, નગર કીર્તન યાત્રા, લંગર પ્રસાદ, રક્તદાન અને થેલેસેમિયા કેમ્પ સહિતના વિવિધ સેવાકીય કાર્યક્રમો યોજાયા. પંચમહાલ જિલ્લાના ગોધરામાં પણ ગુરુ નાનક દેવનું 557મું પ્રકાશ પર્વ શ્રદ્ધાભેર ઉજવાયું.

KARTIKI PURNIMA - SOMNATH

કાર્તિકી પૂર્ણિમાની મધ્યરાત્રિએ 12 વાગ્યે પૂર્ણ ચંદ્ર શ્રી સોમનાથ મંદિરના શિખરની સીધી રેખામાં આવી પહોંચ્યા હતા. શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા કાર્તિકી પૂર્ણિમા પર્વ નિમિત્તે આયોજિત વિવિધ ધાર્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમોની સાથે ખગોળીય અને આધ્યાત્મિક સંયોગના દર્શન કરવા મોટી સંખ્યામાં ભક્તો એકત્રિત થયા હતા. હર હર મહાદેવ અને જય સોમનાથના જયઘોષ સાથે મંદિર ગુંજી ઉઠ્યું હતું.

ખેડા જીલ્લાના નડિયાદના સુપ્રસિદ્ધ શ્રીસંતરામ મંદિરમાં કાર્તિકી પૂનમ અને દેવ દિવાળીની સંધ્યાએ સવા લાખ દીવડાની રોશની અને આતિશબાજી કરવામાં આવી.

'છોટે કાશી' તરીકે ઓળખાતા મહીસાગર જિલ્લાના મુખ્ય મથક લુણાવાડા ખાતે શ્રી લુણેશ્વર મહાદેવ મંદિરમાં ભક્તિભાવ અને અનોખા ઉત્સાહ સાથે દેવ-દિવાળીની ઉજવણી કરવામાં આવી.

AIR FORCE HIGH WAY LANDING

નેશનલ હાઇવેઝ ઓથોરિટી ઓફ ઇન્ડિયાએ ભારતીય સેનાના સંકલનમાં, ગુજરાતમાં નેશનલ હાઇવે **NH-754K** પર ઐતિહાસિક હાઇવે લેન્ડિંગ અને રિફ્યુઅલિંગ કામગીરી સફળતાપૂર્વક હાથ ધરી હતી.

ભારતીય સેનાના 'વિંગ્સ ઓફ વેલર એન્ડ યુનિટી એક્સપિડિશન' શીર્ષક હેઠળ ચાલી રહેલા રાષ્ટ્રીય ઉડાન અભિયાનના ભાગરૂપે, સેનાની પ્રખ્યાત એરો-એડવેન્ચર ટીમ 'ટીમ માઉન્ટેન ઇગલ્સ' ના તમામ ચાર સહભાગી વિમાનો, જેમાં બે ફિક્સ્ડ-વિંગ માઇક્રોલાઇટ્સ અને બે ફ્લેક્સિબલ-વિંગ પાવર્ડ હેંગ ગ્લાઇડર્સનો સમાવેશ થાય છે. તેમણે નિર્ધારિત હાઇવે પટ્ટા પર ચોક્કસ લેન્ડિંગ અને ઝડપી ગ્રાઉન્ડ રિફ્યુઅલિંગ હાથ ધર્યું હતું.

PORBANDAR HOSPITAL

પોરબંદર જિલ્લાના દર્દીઓને વધુ ઝડપી અને સચોટ નિદાન મળી રહે તે માટે ભાવસિંહજી હોસ્પિટલની લેબોરેટરીમાં આધુનિક સુવિધાનો ઉમેરો કરવામાં આવ્યો છે. હોસ્પિટલની લેબોરેટરીમાં ડાયાબિટીસના સચોટ નિદાન માટે નવું **HBA1C** મશીન ઉપલબ્ધ કરવામાં આવ્યું છે. આ નવા મશીનની મદદથી માત્ર એક જ કલાકમાં **40** રિપોર્ટ થઈ શકશે, જેનાથી નિદાન અને સારવારની પ્રક્રિયા વધુ ઝડપી બનશે.

આ ઉપરાંત પોરબંદર જિલ્લા અને આસપાસના ગ્રામ્ય વિસ્તારના કિડનીના દર્દીઓ માટે ભાવસિંહજી જનરલ હોસ્પિટલ ખાતે પાંચ નવા અદ્યતન હિમોડાયાલિસિસ મશીનોનું પણ લોકાર્પણ કરવામાં આવ્યું છે.

TABLE TENNIS - PANCHAMAHAL

પંચમહાલ જિલ્લાના ગોધરામાં આવેલ શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, વિંઝોલ ખાતે પશ્ચિમ ઝોન આંતર યુનિવર્સિટી પુરુષ ટેબલ ટેનિસ સ્પર્ધાનો આજથી પ્રારંભ થશે. **28** નવેમ્બર દરમિયાન યોજાનારી આ ચાર દિવસીય સ્પર્ધામાં પાંચ રાજ્યોની **112** યુનિવર્સિટીની ટીમોના **600** ખેલાડીઓ ભાગ લેશે.

BANAS GEET LAUNCH

બનાસકાંઠામાં વન અને પર્યાવરણ મંત્રી પ્રવીણ માળીની ઉપસ્થિતિમાં 'બનાસ ગીત'નો લોકાર્પણ સમારોહ યોજાયો. 'વૃંદાવન પરિવાર, પાલનપુર' અને 'બનાસ મિત્રમંડળ, ડીસા' દ્વારા આયોજિત આ સમારોહમાં **20** કલાકારો દ્વારા નૃત્ય પ્રસ્તુતિ સાથે 'બનાસ ગીત'ને લોન્ચ કરવામાં આવ્યું.